હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

રખડતા ઢોરનો પ્રશ્ન થાળે પડ્યો...!!
તો જરા બહાર ચક્કર મારી આવુ...!!

ઝુંડાલની કરોડો રૂપીયાની જમીન ખોટા કાગળો-દસ્તાવેજ કરી ચાર શખ્સોએ વેચી મારતા ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ઝુંડાલ ગામે ખેડુતની જમીન પચાવી પાડવાનો કારસો ઘડનાર ચાર શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ચાર શખ્સોએ રૂ.૩૦૦ ના સ્ટેમ્પ પર ખોટી જનરલ પાવર ઓફ એર્ટની ઉભી કરી હતી. જેમાં ખેડુત તેમજ નોટરીની પણ ખોટી સહીઓ-અંગુઠા કરીને અંદરો-અંદર વેચાણ દસ્તાવેજ કરી દેવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના અંબાપુર ગામના કમલેશભાઈ પટેલની ઝુંડાલ ગામમાં જમીન આવેલી છે. તેમની માતાના અવસાન બાદ જમીન દલાલ રાવજીભાઈ મણીભાઈ પટેલ (રહે. સરિતા બંગ્લોઝ ચાંદખેડા)દ્વારા ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલને વેચાણ આપી હતી.જેનો દસ્તાવેજ પણ થઈ ગયો હતો. જેનો નાણાકીય વ્યવહાર પણ પુરો થઈ ગયો હતો.બાદમાં ધી.અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક.લી. ચાંદખેડા શાખામાંથી કમલેશભાઈને ફોન આવ્યો હતો કે તમારા એકાઉન્ટ રૂ.૧૩ લાખનો ચેક બેંક ઓફ ઈન્ડીયામાંથી જમા થવા આવ્યો છે. જેથી કોઈપણ નાણાકીય વ્યવહાર વિના ચેક પોતાના એકાઉન્ટમાં ચેક આવતા કમલેશભાઈ પેમેન્ટ સ્ટોપ કરાવી દીધુ હતું. કમલેશભાઈની જમીન પૈકી સર્વે નં.૧૮૮-૩ નો પણ દસ્તાવેજ હોવાની જાણ થઈ હતી. રેવન્યુ રેકર્ડ કાઢવામાં આવતા જાણ થઈ હતી કે ભોજા ભુરાભાઈ બાંભા સહીઓ કરેલ છે અને સાક્ષી તરીકે દેસાઈ બાબુ ભગવાનભાઈ (રહે.૮ જગનાળા તલાવડી વિરમાયાનગરપાસે ચાંદખેડા), રવિ સેવંતિભાઈ નાયી (રહે સેકટર-૧૪ ગોકુળપુરા) સહીઓ કરી હતી. જયારે પાવર ઓફ એર્ટનીમાં નોટરી તરીકે હંસા એન.સીંગલની સહી હતી. જે પાવર ઓફ એટર્નીને પગલે ભોજા ભુરા બાંભાએ અમારા કું.મુ. તરીકે રઘુરાજસિંહ કરમસિંહ રોઝીયા(રહે.૨૨ જયભવાની સોસાયટી તા.ડીસા)ને રૂ.૧૩ લાખમાં જમીન વેચી મારવાનું કૌંભાડ સામે આવ્યું છે.બનાવ અંગે કમલેશભાઈએ જમીન તકેદારી સમિતિમાં અરજીઓ કરી હતી.તપાસમાં વેચાણ દસ્તાવેજકરવામાં આવેલી સહિઓ, અંગુઠા ખોટા હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એન.કે. પટેલ સ્કૂલ ખાતે સેન્સરી એક્ટિવિટી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સેન્સરી એક્ટિવિટી કરવામાં આવી હતી. આ એક્ટિવિટી દ્વારા બાળકોમાં સ્પર્શ કરીને વસ્તુઓને ઓળખવાની એક્ટિવિટી કરીને બાળકોએ ખૂબજ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

મગોડી હાઇસ્કુલમાં વાલીસંમેલન યોજાયું

ગાંધીનગર,તા.૨૪

આજરોજ ગાંધીનગર જિલ્લા સ્થિત પી.આર ઠક્કર વિદ્યાવિહારમાં વાલી મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું .આ મિટિંગમાં સરપંચશ્રી ગીરીશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ મહિપતસિંહ બિહોલા ,પ્રમુખશ્રી મફતભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં વાલીમીત્રો ઉપસ્થિત રહ્યા. શાળાના આચાર્યશ્રી મનુભાઈ પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શન આપવામા આવ્યું.

વાલીમીત્રોદ્વારા વિવિધ સૂચનો કરવામાં આવ્યા નવા વર્ષના વાલી મંડળના પ્રમુખ તરીકે તાલુકાપંચાયત સદસ્ય શ્રી મહિપતસિંહ બિહોલા ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું.

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવમાં સદભાવ યાત્રા યોજાઈ

મણીનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાઈ રહેલ સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવમાં સર્વધર્મ સદભાવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સંપ્રદાયના ધર્મગુરૂઓ પણ ઉપસ્થિત રહીને સર્વધર્મ સદભાવનો સંદેશો પ્રસરાવ્યો હતો. આ યાત્રા કાંકરીયા ગેટ નં.૧થી મણીનગર પરમ પૂજય આચાર્ય જીતેન્દ્રીયપ્રીયદાસજી સ્વામીએ પ્રસ્થાન કરાવ્યું હતું. યોજાયેલી આ યાત્રામાં સદભાવના, વ્યસનમુક્તિ, બેટી બચાવો-બેટી પઢાઓ, પર્યાવરણ જતન, સ્વચ્છતા જાગૃતિ જેવા સામાજિક સંદેશાઓના પ્લેકાર્ડ દર્શાવાયા હતા. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ વિશ્વ પ્રસિધ્ધ મુક્તજીવન સ્વામીબાપા સ્કોટીશ પાઈપ બેન્ડ, કેન્યા, લંડન, બોલ્ટન, યુકે, અમેરીકા મણીનગર ભારત હતું. આ પાંચેય પાઈપ બેન્ડ દ્વારા વિશ્વ શાંતિ અર્થે ધન્ય રેલાવી હતી.

ચિલોડા કોમ્પ્લેક્ષ પાસે યુવકને ચાર શખ્સોએ ઢોરમાર માર્યો

ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મુકવા માટે માથાકુટ થઈ હતી, તેની અદાવત રાખી યુવક પર હુમલો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ચિલોડા ખાતે ઈન્સ્ટાગ્રામમાં બે જુથ વચ્ચે સ્ટોરી મુકવા ચાલી રહેલી માથાકુટની અદાવત રાખી ચાર શખ્સોએ ચિલોડા કોમ્પ્લેક્ષ પાસે યુવકને આંતરીને ગડદાપાટુનો ઢોરમાર માર્યો હતો. બનાવ સ્થળ પર પોલીસનો કાફલો પહોંચી જઈ હોબાળો શાંત પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા વણકરવાસ ખાતે રહેતો યુવક સાગર જગદીશ પરમાર ગીફટસીટીમાં ઓફિસબોય તરીકે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તે ઉપરાંત યુવક ચિલોડા સર્કલ પાસે પાણીની બોટલનો પણ વેપાર કરે છે. ગઈરાત્રીના સમયે સાગર નવ વાગે ઘરેથી ચાલતો ચિલોડા સર્કલ તરફ જતો હતો. તે સમયે રોડ પર અનિલભાઈ પાર્લર પાસે તેના ગામના સુરેશ ઠાકોર અને પ્રિયાંશુ ઠાકોર ઉભા રહ્યા હતા. તેઓએ સાગરને ઉભો રાખવા માટે પ્રયાસ કરતા તેને જે કામ હોય તમે ચિલોડા સર્કલ આવીને વાત કરો તેમ કહ્યું હતું. તે સમયે અનિલ ઠાકોર અને રાહુલ ઠાકોર એકટીવા લઈ પહોંચી ગયા હતા. અનિલે એકટીવા પાછળ બેસી જવા માટે કહ્યું હતું. સાગરે ના પાડતા ચાર શખ્સો ઉશ્કેરાઈને તેની પર તુટી પડ્યા હતા.જેથી સાગર ગભરાઈ ગયેલી હાલતમાં એકટીવા પર બેસી ગયો હતો.તે સમયે સાગરે તેના મિત્ર જયરાજ ચૌહાણને ફોન કરીને કહ્યું હતું કે મને અનિલ, સુરેશ, પ્રિયાંશુ તેમજ રાહુલે માર માર્યો હતો.તુ પ્રમુખ કોમ્પ્લેક્ષ પાસે સમાધાન માટે આવી જા. ત્યારબાદ તેનેપ્રમુક કોમ્પ્લેક્ષની પાછળ લઈ ગયા હતા અને ત્યાં અનિલ તેમજ પ્રિયાંશુના ઈન્સ્ટાગ્રામના રાજા ગ્રુપના આશરે પચ્ચીસેક માણસો હતા. તે તમામ ને જોઈ સાગર ગભરાઈ ગયો હતો. જેથી કોઈ વ્યકિતએ ચપ્પુ આપતા સાગર જાતે છાતીના ભાગે કાપા મારવા લાગ્યો હતો.તે દરમિયાન પોલીસ આવી પહોંચતા સાગરને સારવાર માટે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયો હતો.

પોલીસની પુછપરછમાં ઈન્સ્ટાગ્રામ પર સાગરનું બાદશાહ ગ્રુપ છે તેમજ પ્રિયાંશુ અને અનિલનુ રાજા ગ્રુપ છે. ગ્રુપમાં સ્ટોર મુકવા અંગે ચાલી રહેલી માથાકુટમાં અદાવતમાં આ શખ્સોએ માર્યો હોવની ફરીયાદ નનોંધાવતા ચિલોડા પોલીસે વધુતપાસ હાથ ધરી છે.

ચિલોડા વિસ્તારના આજુબાજુ ગામોમાં શક્તિ કેન્દ્રોમાં બુથ લેવલની બેઠકો યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના પ્રભારી જયશ્રીબેન પટેલ સાથે શક્તિ કેન્દ્રો જેવા કે ચિલોડા મોટા, પ્રાંતિયા, શાહપુર, વલાદ શક્તિ કેન્દ્ર ઉપર અલગ અલગ બુથ પ્રભારી, સંયોજક અને બુથ પ્રમુખ, બી.એલ.એ ૨, વોટ્સએપ ગ્રુપ ઈન્ચાર્જ સાથે મિટિંગ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સિ.સિ.કા. અને ત્રિદલના સંયુક્ત ઉપક્રમે ૩૦મીએ પુસ્તક વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ત્રિદલ સંસ્થા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. જે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭ ખાતે સાંજે ૫.૦૦ વાગે ૩૦મી સપ્ટેમ્બરના રોજ યોજાશે. સિ.સિ.કા.ના આજીવન ટ્રસ્ટી પૂર્વ પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણીના ત્રણ પુસ્તકો 'અક્ષરનો અમર વારસો', 'શબ્દની સુગંધ', 'હિમાલયની સૌંદર્ય યાત્રા' તથા સેવાયજ્ઞ-મુખપત્રના સંપાદક નટુભાઈ ગજજરનું પુસ્તક 'જીવન છે જીવી લઈએ' એમ ચાર પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ યોજાશે. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા (તંત્રી ગાંધીનગર સમાચાર) મુખ્ય મહેમાન ભાગ્યેશભાઈ જહા, ડૉ. દલપતભાઈ પઢિયાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

શારીરિક શિક્ષણ વિભાગની રાસેયોની હસ્તી વેગડને ગુજરાત સરકારનાં રાજ્યકક્ષાનાં સ્વયંસેવક એવોર્ડ

ગાંધીનગર,તા.૨૪

ગૂજરાત વિધાપીઠસંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમની સ્વયમ સેવક હસ્તી વેગડને ગુજરાત સરકારનાં રાજ્યકક્ષાનાં સ્વયંસેવક એવોર્ડ પ્રાપ્ત થયો છે હસ્તી વેગડે ગણતંત્ર દિવસની દિલ્લીમાં આયોજિત પરેડમાં ભાગ લીધો હતો અને ગુજરાત રાજ્ય એન એસ એસ તરફથી પ્રથમ પંક્તિમાં પરેડ કરી શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમને બહુમાન અપાયું હતું હસ્તી વેગડ દ્વારા કોરોના મહામારી દરમ્યાન પણ શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી હતી જયારે ભારત સરકારનાં ખેલ મંત્રાલય અને રાષ્ટ્રીય સેવા યોજના સેલ દ્વારા પરંપરાગત ખેલો માટે બનાવવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મમાં પણ હસ્તી વેગડની મુખ્ય ભૂમિકા રહી હતી આજે શારીરિક શિક્ષા વિભાગનાં ઇતિહાસમાં હાલમાં ભળતી વિધાર્થીની તરીકે હસ્તી વેગડની સૌથી મોટી ઉપલબ્ધી છે આજ

સુધી કોઈપણ વિધાર્થી બહેનને રાજ્ય કક્ષાનું એવોર્ડ પ્રાપ્ત થતું નથી હસ્તી વેગડ પ્રથમ વિધાર્થીની છે જેનાં આ ઉપલબ્ધી પ્રાપ્ત કરી છે આ વિશેષ ઉપલબ્ધી માટે ગૂજરાત વિધાપીઠનાં કુલનાયક ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, કાર્યકારી કુલસચિવ ડૉ. નિખિલ ભાઈ ભટ્ટ, ગૂજરાત વિધાપીઠનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરુણ ભાઈ ગાંધી અને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અભિનંદન પાઠ્યા હતા.

ભાજપ યુવા મોરચા દ્વારા રપમીએ મેરેથોન દોડ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર સેવા પખવાડીયા અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહયા છે જે સંદર્ભે તા.૨૫ સપ્ટેમ્બરે રવિવારે જનસંઘના સંસ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિના રોજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા સવારે ૬.૩૦ કલાકે રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન દોડનું આયોજન કરાયું છે જેમાં ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંત કોરાટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેહે. મેરેથોન દોડનું પ્રસ્થાન ઘ-૬ સર્કલથી તેમજ સમાપન સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે થશે.

રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન દોડ મહાનગરના મેયર હિતેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટિ ચેરમેન જશવંતભાઈ પટેલ યુવા મોરચાના પ્રભારી નિસર્ગ વ્યીનસ ઉપસ્થિતિમાં યોજાશે.

આરએસએસના બાલ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે વિજયાદશમી ઉત્સવ નિમિત્તે "બાલ સંચલન - પરેડ" યોજાશે

ગાંધીનગર, તા.૨૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-આરએસએસના બાલ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે વિજયાદશમી ઉત્સવ નિમિત્તે આવતીકાલે તા.૨૫ સપ્ટેમ્બરે ઘોષ એટલે કે બેન્ડ સાથે એક કિલોમીટર અંતરનું શિસ્તબદ્ધ રીતે "બાલ સંચલન- પરેડ" યોજાશે.

રવિવાર સવારે ૮.૦૦ કલાકે ફૂટબોલ મેદાન, સેક્ટર -૩ ન્યુ, ગાંધીનગર ખાતે યોજાનાર સંચલનમાં ગાંધીનગર નગરના બાલ સ્વયંસેવકો ભાગ લેશે. સંચલન પૂર્વે શાખા- ધ્વજારોહણ, બૌદ્ધિક, પ્રાર્થના અને ત્યારબાદ સેક્ટરમાં સંચલન યોજાશે તેમ ગાંધીનગરના નગર કાર્યવાહ દિપકભાઈ પ્રજાપતિએ માહિતી આપતા જણાવ્યું હતું.

સે- ૭/એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

સેક્ટર ૭ એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કર્યું છે દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે આરતી અને પ્રસાદ બાદ બાર વાગ્યા સુધી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે દરેક વસાહતી ભાઈ બહેનો અને બાળકોને નવરાત્રી મહોત્સવમાં ભાગ લેવા પ્રમુખ જસવંત ગાંધી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

વરસાદ બાદ શહેરના વિકાસ કાર્યોએ પુનઃ ગતિ પકડી છે. રોડ-રસ્તાઓનું રીપેરીંગ કામ ચાલી રહ્યુ છે. વન વિભાગે ઉછેરેલા છોડની રક્ષા માટે ટ્રી ગાર્ડ લગાવવાનું પણ શરૂ કરાયુ છે. નવા ટ્રી ગાર્ડ આવી જતાં આ કામગીરી વેગવાન બની છે.

એલઆરડીના ૭૮ઉમેદવારો જેલ હવાલે

પૂર્વ મંજુરી વિના ધરણા પ્રદર્શન કરનાર આંદોલનકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાશે

ગાંધીનગર,તા.૨૪

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે વિવિધ સંગઠનો પોતાની પડતર માંગણીઓ મુદ્દે ધરણા પ્રદર્શન કરી રહ્યા હતા. કેટલાક દિવસ તો એક સાથે ચાર થી વધુ સંગઠનોના કર્મચારી-ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેતા કર્મચારીઓથી છાવણી ઉભરાતી હતી. સરકાર સામે બાંયો ચડાવી આંદોલનકારીઓ સચિવાલય કે વિધાનસભા ગેટ સુધી ન આવી જાય તે માટે પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો. ત્યારે રાત-દિવસ ખડેપગે ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓને પણ પગે પાણી ઉતર્યા હતા. ત્યારે હવે શહેરમાં પોલીસે આંદોલનકારીઓ સામે લાલ આંખ કરી છે. શહેરમાં પૂર્વ મંજુરી વિના ધરણા પ્રદર્શન કરનાર આંદોલનકારી સામે ગુનો દાખલ કરી સેન્ટ્રલ જેલના સળીયા પાછળ ધકેલવા માટે તંત્ર હરકતમાં આવી ગયું છે. જેને પગલે ૭૮ એલઆરડી મહિલા-પુરૂષ ઉમેદવારોને સેન્ટ્રલ જેલ મોકલી આપવામાં આવ્યા છે.

શહેરમાં આંદોલનની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી હતી. આંદોલનકારીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ચક્કાજામ કરતા પોલીસ સાથેના ચકમકના દ્રશ્યો સામે આવ્યા હતા.જયારે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસની બાજ નજર છે. જયારે કેટલાક સંગઠનો અને મંડળોની માંગણીઓનો સુખદ નિવેડો આવી જતા આંદોલન સમેટી લેવાયા હતા.જયારે એલઆરડી પુરૂષ-મહિલા ઉમેદવારો સહિત વિવિધ સંગઠનો પોતાના પડતર પ્રશ્નો અંગે ઉકેલ ન આવતા છાવણી, સ્વર્ણીમ પાર્ક સહિત સચિવાલય ગેટ સામે સરકાર સામે આંદોલન કરી રહ્યા હતા. આ અંગે ગાંધીનગર ડીવાયએસપી એમ.કે.રાણા જણાવ્યું હતુ કે શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ કર્મચારી સંગઠનો, મંડળો પડતર પ્રશ્નો મુદ્દે પાટનગરમાં ધરણા યોજી વિરોધ નોંધાવી રહ્યા છે. જેથી શહેરની શાંતિ ડહોળવાની સાથે ટ્રાફિકજામની સમસ્યાઓ પણ ઉદ્ભવી છે. જેથી હવે પૂર્વ મંજુરી વિના સત્યાગ્રહ છાવણી, સચિવાલય, સહિતના સ્થળો પર એકત્ર થનાર આંદોલનકારી સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે. જયારે સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસ મથકે એલઆરડી અને રહેમરાહે નોકરીની માંગ કરવા માટે આવેલા ઉમેદવારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે એલઆરડી ૭૮ ઉમેદવારોની સુલેહ શાંતિ ભંગ કરતા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા જેલ વોરંટ ભરવામાં આવતા તમામને સેન્ટ્રલ જેલ ધકેલી દેવામાં આવ્યા છે. જયારે પૂર્વ મંજુરી વિના ધરણા પ્રદર્શનકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

પ્રવાસન નિગમ કર્મચારી મંડળના નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પ્રવાસન નિગમ લિ. કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભા સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે મળી હતી. સામાન્ય સભામાં નવા હોદ્દેદારોની નિમણુંક સર્વાનુમતે બિનહરીફ કરવામાં આવી હતી જેમાં રણછોડભાઈ દેસાઈ - પ્રમુખ, જે.જે. પટેલ - ઉપ પ્રમુખ, કે.આર. શર્મા - ઉપપ્રમુખ, એન.એ. રાઠોડ - મહામંત્રી, સતિષચંદ્ર નિમાવત - કોષાધ્યક્ષની વરણી કરવામાં આવી હતી.

કોબા ગારમેન્ટના વેપારી સાથે રૂ.૪.૬૭ લાખની છેતરપિંડી

૧૧૨૫ ટી-શર્ટ લીધા પછી રૂપીયા આપવામાં આનાકાની, રૂપીયા તો તને નહી જ મળે, જે થાય તે કરી લે તેમ કહી વેપારીને ધમકી આપી, ઈન્ફોસીટી પોલીસ મથકે બાપ-દિકરા સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના કોબા ખાતે ગુજરાત ગારમેન્ટ ઝોનમાં રેડીમેડ કપડાના વેપારી સાથે રૂ.૪.૫૦ લાખથી વધુની છેતરપિંડી થઈ છે. વેપારીનો વિશ્વાસ કેળવી અન્નયા ફેબીકસ પ્રા.લીમીટેડના બાપ-દિકરાએ ૧૧૨૫ નંગ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો હતો. ટી-શર્ટની ડીલીવરી કર્યા પછી ૩૦ દિવસમાં પૈસા આપી દેવાની વાત થઈ હતી. પરંતુ રૂ.૫ લાખથી વધુની રકમમાંથી માત્ર વેપારીને ૪૦ હજાર આપ્યા છે.જયારે બાકીની રકમ આપવામાં આનાકાની કરતા બાપ-દિકરા સામે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અન્નયા ફેબીકસ પ્રા.લિમીટેડ (વી-૩ સમેત બિઝનેસ પાર્ક-૧ અરવિંદ એવન્યુ ખોખરા સર્કલ) ના માલિક અજીતભાઈ હરીલાલ શાહ અને ભાવિક અજીત શાહે ગોદરેજ ગાર્ડન સીટી એફ-૫ ખાતે રહેતા મનન શૈલેષભાઈ પરીખને ૧૧૨૫ ટી-શર્ટ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. ત્યારે મનન પરીખની કોબા કે રાહેજા રોડ પર આવેલ ગુજરાત ગારમેન્ટ ઝોનમાં એ-૯ માં રેડીમેડ કપડાનું કારખાનું આવેલુ છે. મનનભાઈએ ૧૧૨૫ ટી-શર્ટનો ભાવ જીએસટી સાથે રૂ.૫,૦૭,૯૩૮ અજીતભાઈ સાથે નક્કી કર્યો હતો. જે તે સમયે કોઈ એડવાન્સ પેમેન્ટ આપ્યુ ન હતું. જયારે તમામ માલની ડીલીવરી બાદ ૩૦ દિવસમાં તમામ પેમેન્ટ ચુકવી દેવાની વાત થઈ હતી. તબક્કાવાર ૧૧૨૫ ટી-શર્ટ અન્નયા ફેબીકસ ખાતે મોકલી આપવામાં આવી હતી. ટીશર્ટની ડીલીવરીને એક માસનો સમયગાળો વિતી ગયો હોવા છતા પૈસા ન આવતા મનનભાઈએ ઉઘરાણી કરી હતી. જેથી તેઓએ અજીતભાઈની સહીવાળા ચાર ચેક એકસીસ બેંકના આપ્યા હતા. જેમાં માત્ર રૂ.૪૦,૩૬૦નો ચેક કલીયર થયો હતો. બાકીના તમામ ચેક બાઉન્સ થયા હતા. જયારે રૂ.૪.૬૭ લાખ અંગે વાતચીત કરતા યોગ્ય જવાબ વેપારીને ન મળતા તેઓને નોટીસ મોકલી હતી. જેથી બાપ-દિકરાએ મારી નાંખવાની ધમકી આપી પૈસા તો તને નહી જ મળે જે થાય તે કરી લે તેમ જણાવ્યું હતું. ત્યારે વેપારીને માલ લઈ રૂપીયા ન આપતા છેતરપિંડી આચરનાર બાપ-દિકરા સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

જોઈએ છે ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

હું રાવલ નિરવ હરિશચંદ્ર, એચ-૧૦૧, શ્રીરંગ ઓએસીસ, ગીફ્ટ સીટી રોડ, રાંદેસણ, ગાંધીનગર, ગુજરાત ૩૮૨૦૦૭. મારૂ નામ બદલીને રાવલ નિરવ હરિશભાઈ રાખ્યું છે.